GJVD060023072024

**RCS/95/2024**

**STATE BANK OF INDIA**
**VS.**
**AMRABHAI MANGALBHAI VASAVA**

---

**આંક–૧ નીચે હુકમ**

આજરોજ પોકાર કરાવતા વાદી બેંક તરફે તેમના પ્રતિનિધિ કે વાદી બેંકના વિ.વ.શ્રી હાજર નથી કે તેઓ તરફે કોઈ રીપોર્ટ નથી.

રેકર્ડ વંચાણે લેતાં, સદર દાવો વાદી બેંક ધ્વારા પ્રતિવાદીઓ પાસેથી લેણી રકમ વસુલ મેળવવા દાખલ કરવામાં કરવામાં આવેલ છે. દાવાના કામે આંક–૦૬ થી પ્રવિતાદી નં.૧ અમરાભાઈ મંગળભાઈ વસાવા નાઓનો સમન્સ તેઓ મરણ ગયેલાના બેલીફ શેરા સાથે તેમના મરણના પ્રમાણપત્ર સાથે પરત આવેલ છે. જયારે આ કામે આંક–૦૫ વાળો પ્રતિવાદી નં.૨ નો સમન્સ વગર બજે અને પ્રતિવાદી નં.૨ મોરબાર, તા.ડભોઈ, જી.વડોદરા મુકામે રહેતા હોવાના બેલીફ શેરા સાથે પરત આવેલ છે. આમ, આ કામે પ્રતિવાદી નં.૧ મરણ ગયેલ હોવાનું તેમજ પ્રતિવાદી નં.૨ મોરબાર, તા.ડભોઈ, જી.વડોદરા મુકામે રહેતા હોવાનું રેકર્ડ ઉપર આવેલ છે.

ત્યારબાદની મુદત તા.૦૩/૦૫/૨૦૨૫ ના રોજ વાદી બેંક તરફે કોઈ હાજર રહેલ નહી અને સદરહું કામ પ્રતિવાદી નં.૨ ને સમન્સમાં દર્શાવેલ સરનામે સમન્સ કરવા તથા પ્રતિવાદી નં.૧ ના વારસોને જોડવા માટે કામ મુલત્વી રાખવામાં આવેલુ. ત્યારબાદ મુદત તા.૦૨/૦૮/૨૦૨૫ ના રોજ સદરહુ કામ વાદી બેંક તરફે મુદત અરજી રજુ કરવામાં આવેલી જે ન્યાયના હિતમાં મંજુર કરવામાં આવેલી અને સદરહુ કામ પ્રતિવાદી નં.૧ ના વારસો જોડવા માટે કામ મુલત્વી રાખવામાં આવેલુ.

ત્યારબાદ આ કામે વાદી બેંક તરફે તેમના વિ.વ.શ્રી ધ્વારા મુદત તા.૨૦/૦૯/૨૦૨૫ ના રોજ આંક–૦૯ થી પ્રતિવાદી નં.૧ ને ડીલીટ કરવાની અરજી કરેલી. જે ન્યાયના હિતમાં મંજુર કરી સદરહુ દાવાનું કામ ત્યારબાદ સુધારેલી દાવા અરજી રજુ થવા ઉપર મુલત્વી રાખવામાં આવેલુ.

ત્યારબાદ મુદ્દત તા.૦૮/૧૦/૨૦૨૫, તા.૧૫/૧૧/૨૦૨૫ તા.૧૦/૧૨/૨૦૨૫, તા.૦૭/૦૧/૨૦૨૫, તા.૦૫/૦૨/૨૦૨૫, તા.૦૫/૦૩/૨૦૨૫ માં વાદી બેંક તરફે કોઇ હાજર રહેલ નહી કે તેમના વિ.વ.શ્રી પણ હાજર રહેલ નહી કે તેમના તરફે કોઈ રજુઆત કે રીપોર્ટ રજુ રાખવામાં આવેલ નહી તમેજ તેમના તરફે કોઈ સુધારેલ દાવા અરજી પણ રજુ રાખવામાં આવેલી નહી. આ કામે વાદી બેંકને સુધારેલ દાવા અરજી રજુ કરવા માટે ન્યાયના હિતમાં પાંચેક જેટલી મુદ્દતો આપવામાં આવેલ હોવા છતાં તેઓ સુધારેલ દાવા અરજી રજુ કરવામાં નિષ્ફળ ગયેલ છે અને તેથી છેલ્લી પાંચેક મુદ્દતથી તે સ્ટેજમાં કોઇ સુધારો આવેલ નથી અને વાદી બેંક તરફે સુધારેલ દાવા અરજી રજુ નહી કરવાના કારણે હાલના દાવાનું કામ આગળ ચાલી શકતુ નથી આથી તે દર્શાવે છે કે, વાદી બેંકને હાલનો દાવો આગળ ચલાવવામાં રસ નથી તેથી હાલનો દાવો વાદી બેંકની કસુરના કારણે વાદી બેંક તરફે સુધારેલ દાવા અરજી રજુ નહી કરવાના કારણોસર રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**આ હુકમ આજરોજ તારીખ:પાંચમી, માહે: માર્ચ, સને: ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.**

તારીખ:૦૫-૦૩-૨૦૨૬
વાઘોડીયા.

**(વિકાસ સિયોલ)**
પ્રિન્સીપાલ સીવીલ જજ,
વાઘોડીયા.
[યુ.આઇ.સી. નં.જીજે૦૧૩૫૭]

S.R.Tadvi